# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૧

જુન 2025

ગુણાંક ૧૦૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. પ્રભુના શાસનમાં.................. ને મુખ્ય રાખવામાં આવી છે.
૨. અવ્યક્ત મિથ્યાત્વ..................એટલે અજ્ઞાન તુલ્ય જાણવું.
૩. મનકને પિતાજી શય્યંભવસૂરિ.......................માં મળ્યા.
૪. દંડક પ્રકરણના અભ્યાસ માટે.................જીવો અધિકારી છે.
૫. અંધકાર કાળો હોય છે એટલે એના...................સ્વરૂપ નીકળતો મેશ કાળો હોય છે.
૬. સંસાર દુઃખમય, ......................અને સ્વાર્થમય છે.
૭. સત્ય તત્વરૂપ એક.........................જ છે.
૮. જંબુસ્વામીના પાટે......................આવ્યા.
૯. ...................... ને જીતવાવાળા જિન કહેવાય છે.
૧૦. ......................એટલે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને આહાર લેવાનો વિધિ.
૧૧. ઉપશમ સમ્યક્ત્વની સ્થિતિ.....................ની છે.
૧૨. પૂજ્યપાદ પ્રભવસ્વામીએ .....................નો ઉપયોગ આપી યોગ્ય પટ્ટધર માટે શોધનો પ્રારંભ કર્યો.
૧૩. બધાજ ધર્મો સાચા છે એવી સમજણ કે બુદ્ધિ તે..................મિથ્યાત્વ છે.
૧૪. ભવ્ય જીવને...................... મહેલમાં ચઢવા માટે ચૌદ ગુણસ્થાનની શ્રેણિ એટલે સીડી કહી છે.
૧૫. શ્રાવકના દ્વાર........................કહેવાય.
૧૬. ........................ના શુદ્ધ પાલનાર્થે સાધુ આહાર કરે.
૧૭. જંબુકુમારના પિતાનું નામ...................હતું.
૧૮. મિથ્યાત્વથી મોહિત થયેલા જીવો......................જાણતા નથી.
૧૯. શ્રાવક સાધુને ગોચરી પાણીનો લાભ આપવા વિનંતિ કરે ત્યારે સાધુને..................કહેવાનો વિધિ છે.
૨૦. "ગુણસ્થાન કમારોહ" ગ્રંથ ના રચયિતા શ્રીમદ્ ........................છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. જીવન વિકાસમાં કોનું અદ્ભુત યોગદાન છે ?
૨. પૂર્વમાંથી શ્રુતસારનું સંકલન કરનાર પ્રથમ જૈનાચાર્ય કોણ હતા ?
૩. પરમાત્માનો માર્ગ કેવો છે ?
૪. શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચરણ યુગલ શેનો નાશ કરનારા છે ?
૫. આ અવસર્પીણીમાં ભરત ક્ષેત્રના માનવીઓ માટે મોક્ષના દ્વાર કોણે ખોલ્યા ?
૬. છઠ્ઠા ગુણસ્થાનકનું નામ શું છે ?
૭. પ્રગટ સિદ્ધમંત્ર ક્યો છે ?
૮. ગ્રંથની સફળતા અને નિર્વિઘ્ન પુર્ણાહૂતિમાટે ગ્રંથકાર શું કરે ?
૯. સાસ્વાદન થી મિથ્યાત્વ ગુણસ્થાનકે જતાં પહેલાં જીવ શેનું વમન કરે છે ?
૧૦. નમિઊણ સ્તવની સાતમી ગાથામાં પ્રભુજીને શેની ઉપમા આપવામાં આવી છે ?
૧૧. આત્માનો સ્વભાવ સદા શેમાં રહેવાનો છે ?
૧૨. 'મયણં' એટલે શું ?
૧૩. કેવા નિમિત્તો સંસારી જીવોને રાજી કરે છે ?
૧૪. ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ શેનાથી થાય છે ?
૧૫. જંબુકુમાર કોની દેશનાથી વૈરાગ્ય પામ્યા ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) ફૂલં ૨) સંખિત્ત ૩) ગેહ ૪) નેરઇઆ ૫) આગઈ ૬) સિગ્ધં ૭) લેસ ૮) શૈલમૌલે ૯) દિટ્ઠી ૧૦) ફુલિંગ
૧૧) પએહીં ૧૨) વવગય ૧૩) સંસઈ ૧૪) જીહાલં ૧૫) જ્ઞાયતે ૧૬) ભુઅંગ ૧૭) કિલામેઈ ૧૮) સંભરંતિ
૧૯) પપ્ફં ૨૦) સણેહ

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B |
|---|---|
| ૧) પ્રભવચોર | ૧) અસંજ્ઞી જીવો |
| ૨) અનાભોગિક મિથ્યાત્વ | ૨) અજ્ઞાન દ્વાર |
| ૩) અસમાધિ | ૩) સદ્ગતિ |
| ૪) ઠાણાંગસુત્ર | ૪) ઉપશમશ્રેણી |
| ૫) દંડક | ૫) સાસ્વાદન ગુણસ્થાન |
| ૬) ભવ્યજીવ | ૬) અવસ્વાપિની વિદ્યા |
| ૭) વિચ્છેદ | ૭) યજ્ઞ સ્તંભ |
| ૮) રાજગૃહી | ૮) ધારિણી |
| ૯) શ્રી શાંતિનાથ મૂર્તિ | ૯) મિથ્યાત્વના દસ પ્રકાર |
| ૧૦) તપોવૃદ્ધોની સેવા | ૧૦) અપવાદ માર્ગ |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. દીક્ષા સમયે પ્રભવની ઉંમર કેટલા વરસની હતી ?
૨. તિર્યંચ ગતિના દંડક કેટલા છે ?
૩. સાસ્વાદન ગુણસ્થાને ઉદયમાં કેટલી પ્રકૃતિ હોય છે ?
૪. કેટલા કારણે સાધુ આહાર કરે ?
૫. શય્યંભવસૂરિનું સંપુર્ણ આયુષ્ય કેટલા વરસનું હતું ?
૬. કુલ દંડક કેટલા છે ?
૭. શય્યંભવસૂરિએ મનકમુનિને "દશવૈકાલિક" સૂત્રનો અભ્યાસ કેટલા દિવસ સુધીં કરાવ્યો ?
૮. જંબુકુમાર નો કેવલી પર્યાય કેટલા વરસનો છે ?
૯. સાસ્વાદન ગુણસ્થાનકે કેટલી કર્મપ્રકૃતિ સત્તામાં છે ?
૧૦. વીર પ્રભુના અને જંબૂસ્વામીના નિર્વાણમાં કેટલા વરસનું અંતર છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. જંબુકુમારે સુધર્માસ્વામી પાસે સમ્યક્ત્વ સહિત બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો હતો .
૨. ધીમા વરસાદમાં બે કામળી ઓઢી સાધુ ગોચરીએ જઇ શકે છે.
૩. સાસ્વાદનથી પડતાં પણ જીવને સમ્યક્ત્વનો અંશ હોય છે.
૪. શય્યંભવસૂરિ જિનકલ્પી મહાત્મા હતા.
૫. અંતરકરણ સમ્યક્ત્વ જીવનમાં અનેકવાર પ્રાપ્ત કરી શકાય છે.
૬. ભવનપતિના દસ દંડક છે જ્યારે વૈમાનિક દેવોનો એક જ દંડક છે.
૭. સિદ્ધાંતનો વિચાર તે જ્ઞાન છે તે સુખસમૃદ્ધિનું સાધન છે.
૮. ઇચ્છાપૂર્તિ માટે સાધુ ઇચ્છિત ઘરેથી ગોચરી વાપરી શકે.
૯. મનુષ્ય બનવું એ પણ એક પ્રકારનો દંડ જ છે.
૧૦. પ્રભવસ્વામી મનઃપર્યવજ્ઞાની હતા.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય ક્યા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. સાધુને ગોચરી પાણીનો લાભ આપવા વિનંતિ કરવી એ શ્રાવકનું કર્તવ્ય છે.
૨. હે માત – તાત ! હવે ક્ષણવાર પણ સંસારમાં રહેવાની ઇચ્છા નથી.
૩. ચોવિસ દ્વાર રૂપ અતિ સંક્ષિપ્ત સંગ્રહણી આ પ્રમાણે છે.
૪. કોઇ પાવન ક્ષણે સર્વ ઘનઘાતી કર્મોનો ભુક્કો બોલાવી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરે છે.
૫. શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચરણના યુગલને નમસ્કાર કરીને , આ સંસ્તવને હું કહીશ.
૬. ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા જીવ ત્રણ કરણ કરે છે.
૭. વીર શાસનની ગરિમા ટકી રહે એવો પટ્ટધર લાવવો ક્યાંથી ?
૮. ધર્મમાં અધર્મ બુદ્ધિ.
૯. સાધુ જીવનને પામ્યા પહેલાં અને પછી પણ એ પ્રત્યેક મુમુક્ષુના સંયમ જીવનનો આધાર સ્તંભ છે.
૧૦. કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ હતી..... આપણા કેવલી ભગવંતો પાસે અને પૂર્વાચાર્યો પાસે.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. સાધુ આહાર શા માટે કરે છે ?
૨. પાંચ પ્રકારના મિથ્યાવ સમજાવો .
૩. ગતિની અપેક્ષાએ ચોવિસ દંડક સમજાવો.
૪. પ્રભવની અંતિમ ચોરીનું મહત્વ સમજાવો.
૫. કેવા ભયંકર સમુદ્રમાં કોણ ઇચ્છેલા કાંઠાને પ્રાપ્ત કરે છે ?

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com